# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2554 ❖ કાર્તિક પૂર્ણિમા ❖ 21 નવેમ્બર 2010 ❖ વર્ષ – 11 ❖ અંક – 08 ❖ સળંગ અંક - 128


## ધમ્મવાણી

नत्थि रागसमो अग्गि, नत्थि दोससमो गहो ।
नत्थि मोहसमं जालं, नत्थि तण्हासमा नदी ।।
छन्दा दोसा भया मोहा, यो धम्मं अतिवत्तति ।
निहीयति यसो तस्स, काळपक्खेव चन्दिमा ।।

**રાગ સમાન અગ્નિ નથી, ન દ્વેષ સમાન જકડન. મોહ સમાન ફંદો નથી, ન તૃષ્ણા સમાન નદી. જે વ્યક્તિ રાગ, દ્વેષ, ભય તથા મોહથી ધર્મનું અતિક્રમણ કરે છે, તેનો યશ કૃષ્ણ પક્ષના ચંદ્રની માફક ક્ષીણ થાય છે.**

## મતલબની વાત કરીએ

ભદન્ત આનંદ કૌશલ્યાયનજીનો વિનોદી સ્વભાવ બહુ જ પ્રસિદ્ધ છે. નિર્મળ વિનોદી એ જ હોય છે, જેના રમૂજમાં કટુતા નથી હોતી. આવો રમૂજી પોતે પોતાના પર પણ રમૂજ કરીને ખડખડાટ હસી શકે છે. આનંદજીના આવા વિનોદી સ્વભાવનો મને જૂનો પરિચય રહ્યો છે. એટલે જ નાસિક શિબિર પછી જ્યારે મુંબઈ પાછા ફરવાનો કાર્યક્રમ બન્યો અને આનંદજીએ પણ સાથે આવવાની ઈચ્છા પ્રગટ કરી તો મન ખૂબ જ પ્રસન્ન થયું કે આ ત્રણ–ચાર કલાકોની યાત્રા સારી રીતે પસાર થશે. ધર્મચર્ચાની સાથે સાથે તેમની રમૂજીવૃત્તિ યાત્રાને સુખદ બનાવી દેશે અને સાચે જ થયું પણ એવું. કોઈ ને કોઈ ધર્મપ્રસંગને લઈને તેઓ પોતાના જીવનનું કોઈ એક રોમાંચક સંસ્મરણ કહી સંભળાવતા, જેનાથી લાંબો સમય સુધી મન પ્રફુલ્લિત રહેતું. આવું જ એક સંસ્મરણ સંભળાવતાં તેમણે જણાવ્યું, ‘‘જૂની વાત છે. કાનપુરના કોઈ એક મોટા વેપારીને ત્યાં રોકાયો હતો, કે જે કટ્ટર આર્યસમાજી હતો અને મોટો ઈશ્વર ભક્ત હતો. દરરોજ સવારે તે પોતાની દુકાનના બધા જ કર્મચારીઓને ઘેર એકત્ર કરતો, હવન–યજ્ઞ, મંત્ર–જાપ અને પાઠ કર્યા પછી થોડીક ધર્મચર્ચા કરતો. સંજોગોવશાત્ જો બહારથી કોઈ વિદ્વાન આવેલા હોય તો તેમનું ધર્મ–પ્રવચન રાખવામાં આવતું, અન્યથા શેઠજી પોતે ધર્મ–ઉપદેશ આપતા. તે દિવસે મને જ ધર્મ–પ્રવચન માટે કહેવામાં આવ્યું. તે દિવસોમાં હું નવો–નવો બૌદ્ધ ભિક્ષુ બન્યો હતો, એટલે ખૂબ જોશ હતું. એટલે ઈશ્વરવાદીઓ સામે ઈશ્વરના અસ્તિત્વનું ખંડન કરવા માટે મારી પાસે જેટલી દલીલો હતી, તે બધાનો ઉપયોગ કર્યો, ખૂબ જોશ ભરેલું પોતાનું તે લાંબુ પ્રવચન જ્યારે સમાપ્ત કર્યું, ત્યારે શેઠજીએ હાથ જોડીને કહ્યું, ‘‘મહારાજ ! આ તો થયું, હવે જરા મતલબની વાત થવા દો, થોડી ધર્મની વાત કરો.’’ સંસ્મરણ સંભળાવીને આનંદજીએ હસતાં હસતાં કહ્યું કે મારા પર ઘડો ભરીને પાણી પડી ગયું. તે દિવસે મારે જેટલા વિસ્મિત થવું પડયું, તેટલો હું ક્યારેય નથી થયો. મને લાગ્યું કે મારી બધી જ જ્ઞાન–ગરિમા, બધી તર્ક–કુશળતા આ વ્યક્તિએ એક જ વાક્યમાં નિરર્થક સાબિત કરી દીધી’’.

ખરેખર ! ધર્મનો સાર નિરર્થક તર્કબાજીમાં ક્યાં રહેલો છે ? ધર્મના મિથ્યા દૃષ્ટિઓનો ગઢ બની જાય. પરંતુ ધર્મને કેવળ માત્ર તર્ક આધારિત બુદ્ધિ કિલ્લોલનું જ સ્વરૂપ આપી દઈએ તો પણ તે નિષ્પ્રાણ થઈ જાય. જેવી રીતે તર્કોના આધારે ઈશ્વરના અસ્તિત્વનું ખંડન કરી દેવું માત્ર જ ધર્મ નથી, તેવી જ રીતે દલીલોના આધારે ઈશ્વરના અસ્તિત્વને સિદ્ધ કરી દેવું માત્ર જ ધર્મ નથી. અને જ્યાં ધર્મ નથી, ત્યાં સાચે જ મતલબની વાત નથી. નિરર્થક થૂંક વાગોળવા જેવું છે, જેમાં કોઈ સાર નથી, કોઈ અર્ક નથી. જેમાં કોઈનું કંઈ હિત–સુખ નથી, કોઈનું કંઈ મંગલ–કલ્યાણ નથી. કોઈને કંઈ પ્રાપ્તિ–ઉપલબ્ધિ નથી. ઈશ્વરવાદીઓ અને નિરીશ્વરવાદીઓના અથવા ઈશ્વરવાદીઓમાં પણ ત્રૈત–દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત વાદીઓના અથવા તો સગુણ–સાકાર, સગુણ નિરાકાર અથવા નિર્ગુણ–નિરાકાર વાદીઓના પારસ્પરિક વાદ–વિવાદોમાં પડીને કોઈને શું મળી જવાનું છે ? દરેક દાર્શનિક વિવાદ બુદ્ધિ–કિલ્લોલ છે, માનસિક દ્વંદ્વ છે, જેમાં જીતનાર અભિમાનથી પોતાનું માથું ઊંચું કરે છે અને હારનાર અપમાનથી પોતાનું હૃદય બાળે છે. બંને વિગ્રહ વધારવા માટે કારણભૂત બને છે. વિગ્રહથી આજ સુધી કોઈને કંઈ લાભ થયો નથી, કોઈ શાંતિ મળી નથી. આથી આ દિમાગી કસરતની વાત છોડીને મતલબની વાત કરીએ, લાભની વાત કરીએ, સાચા ધર્મની વાત કરીએ.

એક રોગી માટે કામની વાત એ છે કે પોતાના સાચા રોગને જાણે, રોગના કારણને જાણે, એ સત્યને જાણે કે રોગનું કારણ દૂર કરીને રોગનું નિવારણ કરી શકાય છે અને ત્યાર બાદ તે રોગ–નિવારણની વિધિ જાણીને તેનો પ્રયોગ કરે અને રોગમુક્ત બને. આવા રોગીને ભિન્ન ભિન્ન પ્રકારની કલાઓવાળા સરકસના ખેલ બતાવવામાં આવે તો થોડા સમય માટે તે પોતાના રોગને ભૂલી ભલે જાય, પરંતુ એનાથી તેના રોગનું નિવારણ તો નથી જ થઈ શકતું. આ જ રીતે અનેક પ્રકારનાં દુઃખોથી સંતાપિત પ્રાણીની સામે, દાર્શનિક વાદ–વિવાદોની દિમાગી કસરતોના ખેલ તેને થોડા સમય માટે આશ્ચર્ય ચકિત ભલે કરી દે, પરંતુ એનાથી દુઃખોનું નિવારણ તો નથી જ થઈ શકતું.

દુઃખી વ્યક્તિના કામની વાત તો એ છે કે તે પોતાનાં દુઃખને જાણે, પોતાના દુઃખના મૂળભૂત કારણને જાણે અને તે કારણને દૂર કરનાર કોઈ સાધનનો પ્રયોગ કરીને સ્વયં દુઃખમુક્ત થઈ જાય. જો આ દાર્શનિક વિવાદોમાં આપણા દુઃખોનું કારણ અને તેના નિરાકરણનું રહસ્ય સમાયેલું હોત તો પછી આપણા માટે ખરેખર એ જ કરવાનું હતું કે આપણે દાર્શનિક વિવાદ દ્વારા પોતાના દુઃખોનું નિવારણ કરી લેતા. પરંતુ આવું તો બનતું નથી. સૈદ્ધાંતિક ક્ષેત્રમાં ભલે કોઈ ઈશ્વરવાદી હોય કે નિરીશ્વરવાદી, ભલે કોઈ દ્વૈતવાદી હોય કે અદ્વૈતવાદી, ભલે કોઈ સગુણ સાકારવાદી હોય કે નિર્ગુણ નિરાકારણવાદી, વાસ્તવમાં તો તે દુઃખથી સંતાપિત જ છે. જન્મનું દુઃખ, રોગનું દુઃખ, વૃદ્ધાવસ્થાનું દુઃખ, મૃત્યુનું દુઃખ, અણગમતી

વાતો બનવાનું દુઃખ, મનગમતી વાતો ન બનવાનું દુઃખ, ક્રોધનું દુઃખ, ઈર્ષાનું દુઃખ, દૌર્મનસ્યનું દુઃખ, ભયનું દુઃખ, રાગ-રંજનનું દુઃખ, દ્વેષ-દૂષણનું દુઃખ, મોહ વિમૂઢતાનું દુઃખ – આ પ્રકારનાં અનેકાનેક દુઃખોથી કોઈ મુક્ત નથી. કોઈ સંપ્રદાય-વિશેષમાં દીક્ષિત થવા માત્રથી કોઈ આજ સુધી દુઃખ-વિમુક્ત થયો નથી. બુદ્ધિના સ્તરે કોઈ માન્યતા વિશેષને સ્વીકારીને આજ સુધી કોઈ દુઃખ-મુક્ત થયો નથી. કોઈ પણ મત-મતાંતરવાળી વ્યક્તિ કેમ ન હોય, કોઈ પણ જાતિ-વર્ગની વ્યક્તિ કેમ ન હોય, કોઈ પણ સમુદાય-સંપ્રદાયની વ્યક્તિ કેમ ન હોય, કોઈ પણ દેશ-કાળની વ્યક્તિ કેમ ન હોય. કોઈ વ્યક્તિ કોઈ દેવી-દેવતા, ઈશ્વર-બ્રહ્મના અસ્તિત્વને માનવાવાળી હોય કે ન માનવાવાળી હોય, જો ખરેખર દુઃખમુક્ત થવું હશે તો તેણે પોતાના દુઃખોને જાણવા જ પડશે, પોતાના દુઃખોનાં મૂળભૂત કારણોને જાણવા જ પડશે અને કોઈ સચોટ ઉપાય દ્વારા તે કારણોનો નાશ કરવો જ પડશે. કારણોના નાશ વગર દુઃખોનો નાશ સંભવ નથી. કોઈ કપોળ કલ્પનામાં મન લગાવીને થોડા સમય માટે દુઃખ ભૂલી શકાય છે, ઠીક એમ જ કે જેમ શરાબની પ્યાલીના નશાથી થોડા સમય માટે દુઃખ ભૂલી જવાય છે. પરંતુ રોગની પીડાને ભૂલી જવી અથવા તો દુઃખને ભૂલી જવું, તે રોગનો ઈલાજ નથી, દુઃખનો ઈલાજ નથી.

દુઃખના ઉપાયની શોધ બુદ્ધિજન્ય તર્કજાળમાં નથી, કલ્પનાજન્ય મનોરંજનમાં નથી. ભાવુકતાજનક આવેશ-ઉન્માદોમાં નથી. જેવું દુઃખનો સાક્ષાત્કાર કરી તેને જાણી લીધું, તેવું જ સત્યનું ધર્મચક્ર ચાલવા લાગ્યું. દુઃખને તેના સાચા સ્વરૂપમાં જાણી લેનાર વ્યક્તિ દુઃખના કારણને સમજવામાં વાર નથી લગાડતી. જ્યાં દુઃખનું મૂળભૂત કારણ સમજમાં આવ્યું, ત્યાં જ તેના નિવારણનો રસ્તો પણ આપમેળે સમજમાં આવી જાય છે અને તે રસ્તાને અપનાવીને સમજદાર માણસ દુઃખમુક્ત થઈ જ જાય છે. સમગ્ર દુઃખોના અંતિમ નિરોધ-સ્વરૂપ પરમપદ નિર્વાણનો પ્રાપ્ત કરી જ લે છે.

વાત ખૂબ સહજ છે, ખૂબ સરળ છે, પરંતુ તેમ છતાં પોત પોતાની અંધ માન્યતાઓના લગાવને કારણે આ સરળ સત્યને પણ આપણે જોવા નથી માગતા. આનાથી અલગ કોઈ કલ્પનાલોકમાં ઊડતા રહેવાની આપણી આદત પડી ગઈ છે. કડવા, કઠોર સત્યથી આંખો બંધ રાખવી અને મિથ્યા, મધુર કલ્પનાઓમાં ડૂબ્યા રહેવું, આવો સ્વભાવ આપણા જેવા સામાન્ય લોકોનો સદાયથી રહેતો આવ્યો છે.

બે હજાર પાંચસો વરસ પહેલાં તે વિરક્ત રાજકુમાર સિદ્ધાર્થને આ જ ચાર કલ્યાણકારી સત્યોનો બોધ થયો કે આ દુઃખ છે, આ દુઃખનું કારણ છે, આ પરમ સુખ નિર્વાણ છે અને આ પરમ સુખ નિર્વાણ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. જ્યારે તેણે આ ચારે સત્યોને જાણીને સ્વયં દુઃખ-વિમુક્તિ પ્રાપ્ત કરી, તો તેના મનમાં થયું કે આ આટલી સહજ સરળ વિધિ વધુમાં વધુ લોકો સુધી પહોંચવી જ જોઈએ. પરંતુ પછી તેણે વિચાર્યું કે આ આમોદ-પ્રમોદમાં પ્રમત્ત રહેનારી જનતા, આ વિવાદ-વિગ્રહમાં ફસાયેલી જનતા, આ કપોળ-કલ્પનાઓમાં આસક્ત રહેનારી જનતા, જીવનના આ કઠોર, પરંતુ કલ્યાણકારી સત્યો તરફ કેવી રીતે અભિમુખ થશે ? આવી જનતાને સાચી વાત સમજાવવા માટે કરાયેલો દરેક પ્રયત્ન વ્યર્થ જ સાબિત થશે. પરંતુ બીજી જ ક્ષણે લોક-મંગલના ભાવ ભરેલી અસીમ કરુણાનો જુવાળ મનમાં જાગ્યો અને અંતરની તે અસીમ કરુણાએ કહ્યું કે, કેટલાય લોકો એવા છે કે જેમની આંખો ઉપર મોહમૂઢતાનો, અવિદ્યાનો ખૂબ જ પાતળો પડદો પડેલો છે. વિદ્યાના નાના આઘાતથી આ પડદો તૂટી જશે અને તેમનો મોહ દૂર થશે. તેઓને સાચી વાત સમજવામાં વાર નહિ લાગે. જો તેમને આ સત્ય-જ્ઞાનથી વંચિત રાખવામાં આવ્યા તો બિચારા બરબાદ થઈ જશે. આવા લોકો માટે તો અમૃતના દ્વાર જલ્દીથી જલ્દી ખૂલી જવાં જ જોઈએ. આ કરુણ ચેતનાથી જ તેમણે આ મંગલ ઉદ્ઘોષ કર્યા :

**अपारुता तेसं अमतस्स द्वारा,**

**ये सोतवन्तो पमुञ्चन्तु सद्धं ।**

– જેઓ કાનવાળા છે, શ્રદ્ધાથી સાંભળે, તેમના માટે અમૃતનાં દ્વાર ખુલ્યાં છે.

તે મહાપુરુષની આ મંગલ-ઘોષણાનો આપણે આજે પણ લાભ ઉઠાવીએ. સાચે જ અમૃતનાં દ્વાર ખુલ્યાં છે. કાનવાળા સાંભળે અને આંખોવાળા જુએ. સમજદાર લોકો આનો લાભ ઉઠાવે.

સત્યના રસ્તે જ પરમ સત્યની ઉપલબ્ધિ થઈ શકશે. કલ્પનાઓના સ્વપ્નલોકમાંથી જાગીને યથાર્થની નક્કર ધરતી પર કદમ રાખીને ચાલવાથી જ અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શકીશું. દુઃખોનો સામનો કરીને જ દુઃખોની જડ ખોદી શકીશું.

તો આવો, સમજીએ કે આપણું વાસ્તવિક દુઃખ શું છે ? આવો, સમજીએ કે આપણાં દુઃખોનું વાસ્તવિક કારણ શું છે ? આવો સમજીએ કે આ દુઃખોથી વિમુક્તિ અવશ્ય જ પ્રાપ્ત થઈ શકે છે. આવો, સમજીએ કે આ દુઃખોના વાસ્તવિક કારણને દૂર કરીને વિમુક્તિ સુધી પહોંચવાનો રસ્તો કયો છે ? તેને માત્ર સમજીને જ ના રહી જઈએ, પરંતુ કદમ-કદમ તેના ઉપર ચાલતા રહીને અને આપણાં દુઃખોથી થોડી-થોડી પણ મુક્તિ મેળવતા રહીને આપણે વિમુક્તિના દ્વાર સુધી પહોંચી જઈએ. સાચે જ વિમુક્તિનાં દ્વાર આપણા માટે ખુલ્લાં જ છે.

વિમુક્તિનાં દ્વાર સુધી પહોંચવા માટે નિરર્થક વાતોમાં ન પડીએ, નિરર્થક વાદ-વિવાદોમાં ન પડીએ, કોરી કપોળ-કલ્પનાઓમાં ન ફસાઈએ, મતલબની વાત કરીએ, ધર્મની વાત કરીએ, સત્યની વાત કરીએ, દુઃખ-નિરોધની વાત કરીએ. બુરાઈ અને બુરાઈનું કારણ સમજીએ. ભલાઈ પ્રાપ્ત કરી, આપણું હિત-સુખ સાધીએ. આપણું મંગલ-કલ્યાણ સાધીએ.

**- મંગલમિત્ર**

**સત્ય નારાયણ ગોયન્કા**

## ધમ્મઅંબિકા

**જૂના સાધકોનું સંમેલન અને ધમ્મઅંબિકા વિપશ્યના ધ્યાન કેન્દ્ર, દક્ષિણ ગુજરાત, મુ. પો. વગલવાડ, બોરિયાજ ટોલ નાકા પાસે, જી. નવસારીનું ખાત મુહૂર્ત તા. ૦૯-૦૧-૨૦૧૧ ને રવિવારના રોજ કરવાનું નિર્ધારીત થયું છે.**

**સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ કલાકે**

**સંપર્ક : (૦૨૬૧) ૩૨૬૦૯૬૧.**

## ગ્લોબલ પગોડામાં પૂ. ગુરુજીના સાંનિધ્યમાં એક દિવસીય શિબિર

સયાજી ઊબા ખિન દિવસ ૧૬ જાન્યુઆરી – ૨૦૧૧, રવિવારના ગ્લોબલ પગોડામાં પૂ. ગુરુજીના સાંનિધ્યમાં ૧ દિવસીય શિબિર સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ દરમિયાન આયોજીત છે. હજારો સાધકો અને પૂ. ગુરુજીના સાંનિધ્યમાં એક દિવસીય શિબિરનો લાભ ઉઠાવવા બુકીંગ કરાવીને જ આવશો. બુકીંગ માટે સંપર્ક : (૧) મો. ૯૮૯૨૮ ૫૫૬૯૨, (૨) મો. ૯૮૯૨૮ ૫૫૯૪૫. ફોન : (૦૨૨) ૨૮૪૫૧૧૮૨/ ૨૮૪૫૧૧૭૦. (૧૧ થી ૫ દરમિયાન). **E-mail : global.oneday @gmail.com, Online Booking : www.vridhamma.org.**

**• ખાસ વિનંતી :** આ અંકમાં ગુજરાતમાં ચાલતી સમૂહ સાધના અને એક દિવસીય શિબિરોની માહિતી આ સાથે આપેલ છે. ખાસ વિનંતી માહિતીમાં ફેરફાર કે ઉમેરણ માટે રાજકોટ સિટિ ઓફિસને લેખિતમાં જાણ કરશોજી, જેથી ભવિષ્યમાં સાચી અને પૂરી માહિતી આપી શકાય.

## ધમ્મકોટ
**ફોન : 0281-2782040 M. : 93279 23540**

**:: રાજકોટ સિટી ઓફિસ ::**

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ફોન : 0281 - 2220861-866, M. : 94272 21591, 94262 02222 **એક દિવસીય શિબિર :** દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ, એસ.એન.કે. ની પાછળ. સમય : ૮ થી ૩ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

**બાળકો માટેની શિબિર :** દર મહિનાના પહેલા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ, એસ.એન.કે. ની પાછળ, સમય : ૮ થી ૧.

**સામૂહિક સાધના :** દર **મંગળવારે** સવારે ૭.૩૦ થી ૮.૩૦ પ્રભાત કોમ્પ્લેક્ષ – ૨, ૧૦ માં માળે, શ્રોફ રોડ. ✦ દર **ગુરૂવારે** સવારે ૭.૩૦ થી ૮.૩૦, કોટેચા નગર, શેરી નં. ૧, અપના બજાર પાછળ, નયન વિહારની બાજુમાં ✦ દર **શુક્રવારે** સવારે ૭.૩૦ થી ૮.૩૦, વિભાકર નિવાસ, ધારેશ્વર મંદિર ચોક ✦ દર **શનિવારે** સવારે ૭.૩૦ થી ૮.૩૦, ખાસ નેચરોપેથ, રૂમી પ્લાઝા, ૩ જે માળ, રેસકોર્સ રોડ. ✦ દર **રવિવારે** સવારે ૮ થી ૯, માસૂમ સ્કૂલ, યુનિ. રોડ, એસ.એન.કે. સ્કૂલ પાછળ. ✦ મહિનાનો **ત્રીજો રવિવાર** સવારે ૮ થી ૧૦.૦૦ (સામૂહિક સાધના અને ધર્મ ચર્ચા) માસૂમ સ્કૂલ, એસ.એન.કે. ની પાછળ. ✦ **રોજ બપોરે** ૩.૩૦ થી ૪.૩૦ સિટી ઓફિસ, ભાભા ડાઈનિંગ હોલ.

✦ **સોમ થી શનિ** સાંજના ૬.૩૦ થી ૭.૩૦, કોટેચા નગર, શેરી નં. ૧, નયન વિહારની બાજુમાં. **બહેનોની સામૂહિક સાધના :** દર મહિનાના પહેલા શનિવારે સાંજે બહેનોની સામૂહિક સાધનાનું અલગ અલગ સાધિકા બહેનના નિવાસ સ્થાને આયોજન થાય છે. **સ્થળ અને સમય માટે સંપર્ક :–** (૧) ઉર્વીબહેન સવજાણી – ફોન : 2576748, (૨) ચેતનાબેન માવદિયા – મો. 94290 49144

**જૂનાગઢ :** **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૮ થી ૯, માણીભાઈ કાવરીયા સત્સંગ હોલ, રાયજીનગર, જુનાગઢ. **સંપર્ક :** રતિભાઈ ફોન : 0285 - 2674172, M. 94269 12274

**દૈનિક સામૂહિક સાધના :** સમય : ૮.૩૦ થી ૯.૩૦ રાત્રે, એ–૩૦૨ મોતિ પેલેસ, રાયજીનગર સામે, જુનાગઢ. શ્રી જગદીશભાઈ અમલાણી – M. 94271 83365, શ્રી રમણીકભાઈ કવા – M. 94272 05405.

**ઉના :** **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૭ થી ૮, ગોપાલભાઈ ઠકરાર, વેરાવળ રોડ, ગાયત્રી મંદિરની પાછળ, **સંપર્ક :** હરેશ ટીલવા – M. 94277 38070

**દિવ :** **સામૂહિક સાધના :** દર રવિવારે સાહજે ૬ થી ૭, જૈન ઉપાશ્રય, સોરઠીયા શેરી, મેઈન રોડ, દિવ. સંપર્ક : અશોકભાઈ ફુલબારિયા – M. 99096 23310

**મોરબી :** **એક દિવસીય શિબિર :** દર મહિનાના બીજા રવિવારે સવારે ૮ થી ૧, **સામૂહિક સાધના :** બુધવાર સવારે ૭ થી ૮, સરકારી આંખની હોસ્પીટલ, ગાંધી ચોક. **સંપર્ક :** ગિરધરભાઈ આદ્રોજા M. 99250 12211 ડો. કાનરિયા ફોન : 02822 - 227501, M. 99090 26026

**જેતપુર :** **એક દિવસીય શિબિર :** દર ચોથા રવિવારે ૭.૩૦ થી ૧.૦૦, દર રવિવારે સવારે ૮ થી ૯, પાટીદાર ડાઈંગ, નવાગઢ રોડ.

**સામૂહિક સાધના :** ડો. વાધવાણી હોસ્પીટલ, સોમ થી શનિ સવારે ૬ થી ૭, રાત્રે ૯.૧૫ થી ૧૦.૧૫.

**સંપર્ક :** હિતેષભાઈ ધોળિયા – ફોન : 02823-224856 M. : 99093 12946, અરવિંદભાઈ દવે – ફોન : 02823-224020

**જામનગર :** **એક દિવસીય શિબિર :** દર બીજા રવિવારે બપોરે ૧૨ થી ૬ અને **સામૂહિક સાધના :** દર રવિવારે સાંજે ૫ થી ૬, નિરાધાર આશ્રમ, પેલેસ રોડ, એસ.બી.એસ. બેંકની પાછળ, સરૂ સેકશન રોડ, જામનગર.

**સંપર્ક :** હિનાબેન – M. 93289 05600, રમેશભાઈ મહેતા – ફોન : 0288-2677761, સંજય ત્રિવેદી – M. 93741 99523, ઈન્દુબેન મોઢા – M. 94272 71002.

**ભાવનગર :** **એક દિવસીય શિબિર :** મહિનાના બીજા રવિવારે, સમય : સવારે ૭–૩૦ થી ૨, **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૭ થી ૮, આરાધના ફ્લેટ, મેઘાલય સર્કલ, દર ગુરૂવારે સાંજે ૬.૩૦ થી ૭.૩૦, ૧૦ વર્ષા સોસાયટી, સુભાષનગર. **સંપર્ક :** અનિલભાઈ શાહ ફોન : 0287 - 3202002, M. : 94272 32145.

**અમરેલી :** **એક દિવસીય શિબિર :** મહિનાના ત્રીજા રવિવારે સવારે ૯ થી ૪, દિકરાનું ઘર, વૃદ્ધાશ્રમ. **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૮ થી ૯, ૧૫૮, ઓમનગર, નટુભાઈ મકવાણા, ચિત્તલ રોડ, **સંપર્ક :** હારકાદાસ લલાડિયા ફોન : (02792) 223983 M. 94262 31449, 93286 12000

**સુરેન્દ્રનગર :** **એક દિવસીય શિબિર :** દર મહિનાના પહેલા રવિવારે, સવારે ૧૧ થી ૫, **સામૂહિક સાધના :** રોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦, ૧૦–બેંકર્સ સોસાયટી, વઢવાણ. ✦ રોજ સાંજે ૬.૩૦ થી ૭.૩૦, બોસ્ટન રેસ્ટ હાઉસ, જૂના જંકશન રોડ. **સંપર્ક :** જેનભાઈ – M. 93746 03107, ડો. ભાવીસી – ફોન : R. 02852-2232564, 2395192, M. 99988 29969, મહાસતીજી – ફોન : 02752-242030

## ધમ્મસિંધુ
**ફોન : (02834) 273303, 273612**

**એક દિવસીય શિબિર :** દર મહિનાના પહેલા રવિવારે ૧૦.૩૦ થી ૫.૩૦ 'ધમ્મ સિંધુ કેન્દ્ર ઉપર' **સંપર્ક :** છોટુભાઈ પી સોની – M. 94264 52728, પરેશભાઈ ઠક્કર – ફોન : 02834-223118, 232832

**કચ્છ વિપશ્યના કેન્દ્ર - 'ધમ્મસિંધુ'** C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે.ટી. શાહ રોડસ, માંડવી, કચ્છ – 370 465. ફોન : (02834) (O) 223076 (R) 223406, કેન્દ્ર : 'ધમ્મસિંધુ', ગામ : બાડા, વાયા : બાયજા, તાલુકો : માંડવી, કચ્છ – 370 475. ફોન : (02834) 273303, 273612. આચાર્ય નિવાસ : 273304

e-mail : <info@sindhu.dhamma.org>

**ભુજ :** દર મહિનાના બીજા અને ચોથા રવિવારે ૧૨..૩૦ થી ૬.૦૦.

**સામૂહિક સાધના :** દર રવિવારે ૮ થી ૯, દર બુધવારે ૪.૩૦ થી ૫.૩૦ (મહિલાઓ માટે), હોસ્પીટલ કંપાઉન્ડ, જનરલ હોસ્પીટલ સામે, **સંપર્ક :** ડો. શાંતુબેન પટેલ – ફોન : (02832) 251905, પ્રભુભાઈ પટેલ – ફોન : (02832) 255218, M. 94274 33534

**ગાંધીધામ :** દર મહિનાના પહેલા રવિવારે ૭.૩૦ થી ૧, **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૭.૩૦ થી ૮.૩૦, પહેલા માળે, સરસ્વતી બિલ્ડીંગ, પ્લોટ નં. ૫૯૧, વોર્ડ ૧૨/સી, સીટી પોલીસ સ્ટેશનની બાજુમાં, **સંપર્ક :** કિશોરભાઈ રાણવાલા – ફોન : 220141, M. 94272 09001.

**અંજાર :** **સમૂહ સાધના :** દરરોજ સાંજે ૭.૦૦ થી ૮.૦૦, રવિવારે સવારે ૮.૩૦ થી ૯.૩૦. એક દિવસીય શિબિર : ત્રીજા રવિવારે. **સંપર્ક :** ગૌતમ ગોસ્વામી : M. 99252 66044, દિલીપ એન. ગાંધી : M. 94277 19149, ૨૦, વૃંદાવન સોસાયટી, બગીચા પાસે, ખાડિયા.

**લાકડિયા :** દર મહિનાના પહેલા રવિવારે ૧૧ થી ૫, ભરાણીનો વાસ, **સંપર્ક :** જયાબેન ગડા – ફોન : (02837) - 273435.

**માંડવી :** **સામૂહિક સાધના :** દર રવિવારે ૮.૩૦ થી ૯.૩૦ **સંપર્ક :** છોટુભાઈ પી. સોની – ફોન : (02834) 224198, M. 94264 52728. પરેશભાઈ ઠક્કર – ફોન : (02834) 223118, 232832

**રાપર :** દર રવિવારે ૮ થી ૯, સાંજે ૫ થી ૬, સહયોગ હોસ્પીટલ, સી.એચ.વી. દવાખાનું. **સંપર્ક :** દેવેન્દ્રભાઈ ગોસ્વામી – M. 98796 47587, અરૂણભાઈ ગાવન્ડે – M. 98796 71178.

**ભચાઉ :** દર રવિવારે સવારે ૭ થી ૮, રામવાડી, સંપર્ક : રોહિતભાઈ સોની ફોન : 02837-255218, 255508.

## ધમ્મપીઠ - અમદાવાદ
**ફોન : (02714) 294690, M. 94264 19397**

**અમદાવાદ સિટી ઓફિસ (નવરંગપુરા) :–** ઈશ્વરભુવન, કોમર્સ કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯. **સંપર્ક :** યોગેશભાઈ અગ્રવાલ – M. 98980 10307, વસંત દિક્ષીત – M. 98986 36964. અલ્કાબેન – M. 98980 11960, ફોન : 079 - 26404829, નિરંજન ઘોષ – ફોન : 079 - 27530112

**ફક્ત જૂના સાધકો માટે એક દિવસીય શિબિર :** દર મહિનાના છેલ્લા રવિવારે ૧૧ થી ૫, ઈશ્વરભુવન, નવરંગપુરા.

**સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૮ થી ૯.

**સ્નેહ મિલન :** દર મહિનાના પહેલા રવિવારે સવારે ૮ થી ૧૦.

**એક દિવસીય શિબિર તથા સામૂહિક સાધના :**

**નારણપુરા :** દર મહિનાના બીજા રવિવારે ૧૧ થી ૫, ધમ્મ હાઉસ, ૧૫–૯, ચંદન પાર્ક સોસા. વિજયનગર પેટ્રોલપંપની સામે, **સામૂહિક સાધના :** દરરોજ સવારે ૮ થી ૯, દરરોજ સાંજે ૬ થી ૭, **સંપર્ક :** નિરંજન ઘોષ – 079-27530112.

**મણિનગર :** દર મહિનાના ત્રીજા રવિવારે ૧૧ થી ૫, **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૮ થી ૯, ૩–મૌલીક એપાર્ટમેન્ટ, એલ.જી. કોર્નર, પૃથ્વી હોટલની બાજુમાં, પોલીસ ચોકી સામે, **સંપર્ક :** દિનેશભાઈ શાહ, શોભનાબેન – ફોન : 079-25461681.

**એલિસબ્રિજ :** સી–૫, રાજહંસ સોસા., સેંટ ઝેવિયર્સ કોલેજ રોડ, **સંપર્ક :** જયશ્રીબેન શેલત – ફોન : 079-26305724. દર રવિવારે સવારે ૮ થી ૯.

**શાહીબાગ :** રવિવારે સવારે ૮ થી ૯, રત્નમ, પોલિસ કમિશ્નર ઓફિસ સામે, **સંપર્ક :** શ્રી શ્યામસુંદર ચૌધરી ફોન : 079 - 25624631, M. : 98240 37016.

**બાળકોની આનાપાન શિબિર તથા સામૂહિક સાધના :–**

**રાણીપ :** રોજ સાંજે ૭ થી ૭.૩૦ (બાળકો માટે), રવિવારે સાંજે ૬ થી ૭, ૪–આશ્રમ પાર્ક સોસા., પંચશીલ સંકુલ. ✦ રવિવારે સાંજે ૮ થી ૮.૩૦ (બાળકો માટે), બંગલા નંબર ૩૫, પ્રમાણિક સોસા., રાધા સ્વામી રોડ, નિરંજન ઘોષ – ફોન : 079-27530112.

**બાપુનગર :** દર રવિવારે સાંજે ૬ થી ૭. ૩૬૯/૧૯૬૭ – ગુજરાત હાઉસીંગ બોર્ડ, આઝાદ ચોક. **સંપર્ક :** ચંદ્રકાંતભાઈ ઠાકુર – ફોન : 079-29606033, વિનોદભાઈ પરમાર – M. 93745 69173.

**સી.ટી.એમ. :** રવિવારે સવારે ૮ થી ૯, સી.ટી.એમ. ૫૭–સુર્યદિપ સોસા., સી.ટી.એમ. ચાર રસ્તા પાસે, નેશનલ હાઈવે–૮, દિનેશભાઈ ચૌહાણ – ફોન : 079 - 25857030, M. 93741 32877.

**ગાંધીનગર :** **સામૂહિક સાધના :** રવિવારે સવારે ૮ થી ૯, મંત્રી પ્લોટ નં. ૧૨૩૦–૨, સેક્ટર–૨ એ, **સંપર્ક :** ભરતભાઈ રાઠોડ – M. 98244 19959. ✦ રવિવારે સવારે ૮ થી ૯. બ્લોક નં. ૧૧૫૫, સેક્ટર–૨૭, **સંપર્ક :** પ્રિયદર્શી સુરેશભાઈ – ફોન : 079-23211110, M. 98244 14842.

**વડોદરા :** ''ધમ્મભવન'' ૫, કાલિન્દી પાર્ક, અકોટા અતિથિગૃહ પાછળ, અકોટા, વડોદરા – 390 020. ફોન નં. (0265) 2341181, મો. 94263 32180, 98980 83749. **એક દિવસીય શિબિર :** (જૂના સાધકો માટે) દર મહિના ના પહેલા રવિવારે (સવારે ૭.૦૦ થી ૧૨.૦૦ કલાકે) **બાળ–આનાપાન શિબિર :** (૮ થી ૧૨ વર્ષના માટે) તા. 20-12-09 થી 21-02-10. (૧૩ થી ૧૬ વર્ષના માટે) તા. 17-01-10. **સામૂહિક સાધના :** દરરોજ સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાકે , સાંજે ૬.૦૦ થી ૭.૦૦ – ધમ્મભવન. દર મંગળવારે સાંજે ૬.૦૦ થી ૭.૦૦ – રાની આન્ટી, બી/૨, શુભ કુપ્લેક્ષ, મકરપુરા. ફોન : (0265) 2630287. દર શુક્રવારે સાંજે ૭.૦૦ થી ૮.૦૦ – શ્રી મનહરભાઈ શાહ : ૩૧, રાજસ્થંભ સોસાયટી, પોલો–ગ્રાઉન્ડ પાસે, વડોદરા. ફોન નં. (0265) 2434630. દર શનિવારે સાંજે ૭.૦૦ થી ૮.૦૦ – કિરીબેન : ૩, વામા વિલા, નિઝામપૂરા, વડોદરા. ફોન : (0265) 2782584

## ધમ્મદિવાકર - મહેસાણા
**ફોન : (02762) 272800, 253315**

**મહેસાણા :** **સામૂહિક સાધના :** ✦ દર ગુરૂવારે સવારે ૬ થી ૭. **સ્થળ :** ૨–ઉર્વશી બંગલો, રામોસણા રોડ. ✦ દર શુક્રવારે રાત્રે ૮.૩૦ થી ૯.૩૦. **સ્થળ :** ૨૯, મનોહર પાર્ક સોસાયટી, અંબાજીપરા. ✦ દર સોમવારે રાત્રે ૮.૩૦ થી ૯.૩૦. **સ્થળ :** ૪, પ્રભુનગર સોસાયટી, આંખની હોસ્પિટલ પાસે, માલ ગોડાઉન રોડ.

**વીસનગર :** **સામૂહિક સાધના :** ✦ દર રવિવારે સવારે ૮.૦૦ થી ૯.૦૦. સ્થળ : અશોકભાઈ ગાર્ગી, ગોવિંદ ચકલા, પટેલ વાડી સામે, **સંપર્ક :** મહેસાણા સિટિ ઓફિસ, ૧૧–વિમલ સુપર માર્કેટ, બી.કે. સિનેમા રોડ, મહેસાણા. ફોન : (02762) 254634 (ઓફિસ), 253315 (નિવાસ), ઉપેન્દ્રભાઈ પટેલ : M. 94292 33000

**પાલનપુર :** **એક દિવસીય શિબિર :** દર મહિનાના પહેલા રવિવારે ૧૧ થી ૫. **સામૂહિક સાધના :** દર રવિવારે ૮ થી ૯, વિકાસ બાલ મંદિર, જંગલ રોડ, **સંપર્ક :** વિઠ્ઠલભાઈ બી. વૈદ – ફોન : (02742) 324835, 244498 M. 94263 71076

**થરા :** **એક દિવસીય શિબિર :** દર મહિનાના ચોથા રવિવારે, **સંપર્ક સ્થાનો :** જીતેન્દ્ર ઠક્કર – ફોન : (02747) 222061, M. 98250 35228

**આણંદ :** **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ – ૫૯, પહેલો માળ, શ્રીકૃષ્ણ સોસાયટી, સ્ટેશન રોડ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ : ફોન : (૦૨૬૯૨) ૨૪૧૦૨૮, મો. ૯૮૨૫૦ ૨૮૦૫૭.

**ભરૂચ :** **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૮.૦૦ થી ૯.૦૦ – શ્રી યોગેન્દ્રભાઈ પરીખ, મો. ૯૪૨૭૮ ૧૬૫૦૦. **એક દિવસીય શિબિર :** દર મહિનાના બીજા રવિવારે (સવારે ૮.૦૦ થી ૧.૦૦) – શ્રી મહેન્દ્રભાઈ માયાવંશી. ફોન : (૦૨૬૪૨) ૨૪૩૨૧૧, મો. ૯૪૨૮૩ ૩૨૮૦૦.

**સુરત :** **સમૂહ સાધના :** રોજ સવારે ૭.૧૫ થી ૮.૧૫ કલાકે. **એક દિવસીય શિબિર :** પ્રત્યેક પહેલા રવિવારે ૭.૩૦ થી ૧૨.૩૦ કલાકે. **સ્થળ :** બંગલો નં. ૨, સમતા નહેરુનગર, ઈચ્છાનાથ. **સંપર્ક :** ડો. જીતુભાઈ શાહ, મો. ૯૮૨૫૦ ૫૪૨૭૪ **સમૂહ સાધના :** રોજ સવારે ૮.૦૦ થી ૯.૦૦, સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે. **સંપર્ક :** છગનભાઈ પરમાર – મો. ૯૯૨૪૪ ૪૮૭૨૬

**અંકલેશ્વર :** **એક દિવસીય શિબિર :** દર રવિવારે (બપોરે ૨.૦૦ થી ૭.૦૦)–પૂર્ણિમાબેન શાહ, મો. ૯૮૨૪૨ ૭૫૦૨૪.

**વલસાડ :** **એક દિવસીય શિબિર :** બીજા રવિવારે સવારે ૮ થી ૧૨, **સામૂહિક સાધના :** સવારે ૯ થી ૧૦, પ્રવિણ મહાલ, હાલર રોડ, વલસાડ. **સંપર્ક :** સુરેન્દ્રભાઈ શાહ – ફોન : 02632-571192, M. 93758 30504, અશોકભાઈ વિજ – મો. 94294 74056

**અણુમાલા :** **એક દિવસીય શિબિર :** દર મહિનાના બીજા રવિવારે, **સામૂહિક સાધના :** દરરોજ સાંજે ૬ થી ૭. અણુમાલા ટાઉનશીપ, પોસ્ટ : અણુમાલા, વ્યારા પાસે, જી. સુરત. **સંપર્ક :** બચુભાઈ શાહ – M. 94271 25116, યશવંત ભગત : 0262

## મોગર
**ફોન : (0265) 2341181**

(વિપશ્યના કેન્દ્ર, જે.એસ.એલ. ઈન્ડસ્ટ્રીઝ કેમ્પસ, નેશનલ હાઈવે નં. ૮, મોગર, જિ. આણંદ. **સંપર્ક :** ''ધમ્મભવન'' ૫, કાલિન્દી પાર્ક. **સંપર્ક :** હેમંતભાઈ પટેલ – M. 94265 00765.

## ધમ્મકોટ પર યુવકો માટે શિબિર

ધમ્મકોટ, રાજકોટ ૧૬ થી ૧૯ વર્ષના યુવકો માટે તા. ૦૮ થી ૧૬ ડિસેમ્બર – ૨૦૧૦ દરમિયાન શિબિર આયોજિત છે. ભાગ લેવા ઈચ્છુક યુવક સિટિ ઓફિસ અથવા ધમ્મકોટ કેન્દ્ર પર સંપર્ક કરી શકે છે. ફોન : (૦૨૮૧) ૨૨૨૦૮૬૧ થી ૬૬, મો. ૯૪૨૬૨ ૦૨૨૨૨ અથવા કેન્દ્ર : ૨૭૮૨૫૫૦

## ધમ્મકોટ ખાતે શિબિરની તારીખમાં ફેરફાર

ધમ્મકોટ પર દસ દિવસીય શિબિર તા. ૧૮–૧૨–૧૦ થી તા. ૨૯–૧૨–૧૦ ને સ્થાને તા. ૨૦–૧૨–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦ અને તા. ૫–૦૧–૨૦૧૧ થી તા. ૧૬–૦૧–૧૧ ને સ્થાને તા. ૦૨–૦૧–૧૧ થી તા. ૧૩–૦૧–૧૧ પરિવર્તિત થઈ છે. કૃપા કરી નોંધ લેશો.

**ડિસેમ્બરમાં ધમ્મકોટ ખાતે આયોજિત ધમ્મસેવક પ્રશિક્ષણ કાર્યશાળા રદ કરવામાં આવેલ છે.**

## રાજકોટ ખાતે સાંધ્ય સમૂહ ધ્યાન

શ્વાસનેચરોપથી, રૂમીપ્લાઝા, રેસકોર્સ પાર્ક પાસે, એરોડ્રોમ રોડ ખાતે રોજ સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાકે સમૂહ ધ્યાન.
અનુકૂળતા મુજબ લાભ લેશોજી.

## વિપશ્યના પરિચય કાર્યક્રમ - ધમ્મકોટ

તા. ૨ જાન્યુઆરી – ૨૦૧૧ રવિવારે વિપશ્યી સાધકોના પરિવારો માટે ધમ્મકોટ કેન્દ્ર પર **વિપશ્યના પરિચય કાર્યક્રમ** નું આયોજન નીચે પ્રમાણે કરેલ છે.
સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે

- ૧.૦૦ કલાકે ભોજન અને ત્યાર બાદ પરત.
- આઠ વ્યક્તિઓ સુધી સ્પેશ્યલ રિક્ષા આપના ઘર/વિસ્તારથી કેન્દ્ર અને પરત આવવા થઈ શકશે. વાહન–વ્યવસ્થાની જરૂરવાળા સાધકો માટે રિક્ષાની વ્યવસ્થા જાતે કરશોજી. આખી રિક્ષા આવવા–જવાના રૂા. ૨૫૦/– આસપાસ લે છે.

આવનારા સભ્યોની સંખ્યાની આગોતરી જાણ સિટિ ઓફિસ : (૦૨૮૧) ૨૨૨૦૮૬૧, મો. ૯૪૨૬૨ ૦૨૨૨૨ અથવા ધમ્મકોટ : ૨૭૮૨૫૫૦ પર અવશ્ય કરશોજી. જેથી ઉચિત વ્યવસ્થા થઈ શકે. સપરિવાર–મિત્રો સાથે લાભ લેશો.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. (0281) 2220861-866 (0281) 2221384, 94272 21591 | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 |

### ૨૦૧૦ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | |
|---|---|---|---|
| 20-12-10 to 31-12-10 | 23-01-11 to 03-02-11 | 29-12-10 to 09-01-11 | 01-12-10 to 12-12-10 |
| 02-01-11 to 13-01-11 | 16-02-11 to 27-02-11 | 12-01-11 to 23-01-11 | 29-12-10 to 09-01-11 |
| 19-01-11 to 30-01-11 | 02-03-11 to 13-03-11 | 16-02-11 to 27-02-11 | 12-01-11 to 23-01-11 |
| 02-02-11 to 13-02-11 | 19-04-11 to 30-04-11 | 02-03-11 to 13-03-11 | 02-02-11 to 13-02-11 |
| 16-02-11 to 27-02-11 | 03-05-11 to 14-05-11 | 16-03-11 to 27-03-11 | 16-02-11 to 27-02-11 |
| 02-03-11 to 13-03-11 | 17-05-11 to 28-05-11 | **: મોગર :** | **: ધર્મજ :** |
| 16-03-11 to 27-03-11 | 30-05-11 to 11-06-11 | 'ધમ્મભવન' ૫–કાલિંદી પાર્ક, અકોટા. ફોન : ૦૨૬૫–૨૩૪૧૧૮૧ | હેમંતભાઈ પટેલ (૦૨૬૯૨) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ |
| 06-04-11 to 17-04-11 | 07-08-11 to 18-08-11 | | |
| 20-04-11 to 01-05-11 | 24-08-11 to 04-09-11 | | |
| 04-05-11 to 15-05-11 | 05-09-11 to 16-09-11 | | |
| 16-05-11 to 27-05-11 | 17-09-11 to 28-09-11 | 22-12-10 to 02-01-11 | 01-02-11 to 12-02-11 |
| 01-06-11 to 12-06-11 | 04-10-11 to 15-10-11 | 16-01-11 to 27-01-11 | 06-05-11 to 17-05-11 |

### ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિરો

| | | | |
|---|---|---|---|
| 04-02-11 to 12-02-11<br>17-06-11 to 25-06-11 | 17-03-11 to 25-03-11<br>05-07-11 to 13-07-11 | 05-02-11 to 13-02-11 | 17-09-11 to 25-09-11 |

### ફક્ત જૂના સાધકો માટે વિશેષ શિબિરો

| | | | |
|---|---|---|---|
| 16-02-11 to 27-02-11 | 24-08-11 to 04-09-11 | 29-06-11 to 10-07-11 | 14-12-11 to 25-12-11 |

### ગંભીર સાધકો માટે ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર

| | | | |
|---|---|---|---|
| (૨૦ દિવસ)<br>18-09-11 to 09-10-11<br>(૩૦ દિવસ)<br>08-09-11 to 09-10-11 | (૨૦ દિવસ)<br>23-01-11 to 13-02-10<br>(૩૦ દિવસ)<br>05-12-10 to 05-01-11<br>(૪૫ દિવસ)<br>05-12-10 to 20-01-11 | (ફક્ત છોકરીઓ માટે)<br>07-05-11 to 15-05-11 | (૨૦ દિવસ)<br>17-07-11 to 07-08-11<br>(૭ દિવસ–બાળકો માટે)<br>26-04-11 to 04-05-11<br>**સહાયક આચાર્યોની પ્રશિક્ષણ કાર્યશાળા** |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

ભૂલા સચ્ચે ધરમ કો, ભૂલ ગયા ઈમાન ।
ભૂલ ગયા ઈન્સાન હૂં, બન બૈઠા હૈવાન ॥
વહ ના સચ્ચા ધરમ હૈ, ના સચ્ચા ઈમાન ।
જિસસે મન કે પ્યાર કો, ખો બૈઠે ઈન્સાન ॥
યહ સંતોં કી ભૂમિ હૈ, સદ્‌ગુરુઓં કા દેશ ।
ઈસકે કણ કણ મેં ભરા, કરુણા કા સંદેશ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

ધરમ જગે ફિર મનુજ મેં, બને મનુજ ભગવાન ।
સેવા કરુણા પ્યાર સે, ધન્ય હોય ઈન્સાન ॥
નિર્ભયતા નિર્બૈરતા, સચ્ચા ધર્મ અકાલ ।
જાગો સચ્ચે ધર્મ મેં, જાગે સોહિ નિહાલ ॥
ઘર ઘર મેં સબકે જગે, સત્ય ધર્મ કી લોય ।
ચિત્ત નિખાલિસ શુદ્ધ હો, તભી ખાલસા હોય ॥

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧–બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 21 નવેમ્બર 2010** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org